ગુજરાતી ગાયનમાળા



પ્રકાશક:—જેકીશનદાસ ત્રીભોવનદાસ.

The "Shankar" Printing Press SURAT.

ગુજરાતી ગાયનમાળા.

પ્રથમ ખણ્ડ

પ્રકાશક.

જે. જે. એન્ડ કું. તરફથી

ત્રીભોવનદાશ જેકીશનદાસ

ઠે. તારં ઓફીસ સામે-સુરત.

પ્રથમાવૃત્તિ પ્રત ૨૦૦૦.

સુરત ચઉટાના પુલપર ટાંકી પાસે "શંકર" પ્રીન્ટીંગ પ્રેસમાં

નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમે છાપી.

કીંમત ૬ આના.

ગુજરાતી ગાયન માળા.



પ્રથમ ખણ્ડ.





બુદ્ધદેવ.

૧

મારી ક્યારીમાં મ્હેક મ્હેક મ્હેકી હો રાજ !

કોઇ કુસુમ લ્યો, કુસુમ લ્યો.

મીઠા યૌવનના ભોગી રસીલા હો રાજ !–કોઈ.

પ્રીતે પધારો પ્રવાસી અમ બાગમાં,

પાથરી શું પ્રાણુ અતિ અંતર સુહાગમાં;

એક દીન થાઓ મેહમાન, હો વિલાસી રાજ !–કોઇ.

એ દીન થાઓ મેહમાન, હો વિલાસી રાજ !–કોઈ.

૨

પુલની પાંખડી લ્યો પ્રાણુ—પુલની.

ગણી અંતરની ઓળખાણુ—પુલની.

શ્યામ સુલુણા અમ ઘેર આવ્યા, શા કરીએ સન્માન;

નાથ નગિના પરિમલ ભીના, મન માન્યા મેહમાન–પુલની.
ઝાઝું શું કહીએ સમજુને, સખી નયણના ભાણ;
વિમળ કમળ આ સરવર જળનું, ભોગી ભ્રમર સુજાણ–પુલની.

૩

સાર આ સંસારમાં ન જોયો, મેં બહુ રીતે તપાસતાં–સાર.
ધન ધરા સુત તાતની પ્રીતે, મોં અવસરને મેં ઘા ખોયો–મેં બહુ.
મૃગજળ પીવા કામ ન આવે, વ્યર્થ ઇન્દ્રજાળમાં હું મોહ્યો–મેં બહુ.
પુણ્ય પરમાર્થનો માર્ગ ન શોધ્યો, જન્મને વૃથા મેં વગોવ્યો–મેં બહુ.

૪

પિયુ પિયુ પોકારતીરે, પપૈયા વધુ ઝુરે વનમાં;
વિરહ અંગાર ઉઠે તનમાં, અતિશય બળી રહી મનમાં–પિયુ.
ખીલતી આ કળી કુસુમની, ભોગી વિના કરમાય;
ઝુલતી આ લલિત પાંખડી, ભોગી મધુકર ચ્હાય–પિયુ.
બાળા રસાળી અંતરે, આકુળ વ્યાકુળ થાય;
નમ્ર નવોઢા નૌતમ રમણી, રસિક નરવર ચ્હાય.
હંસણી દુઃખી થતીરે, કોમળ માનસ ઉપવનમાં–પિયુ.

૫

વિષથી ભરેલા જગમાં, અમૃત બતાવો સાચું;
જ્ઞાની પંડિત સહુને; વિનવીને યાચું—વિષથી.
કોઇ કહે ચંદ્ર પાસે, કોઇ કહે સ્વર્ગમાં છે,

૫

હેવો મથે દરિયા વાંસે, પાણી જોઇ પાછા નાસે;
ભરુંસે ભૂલ્યા છે સઘળા, મને પણ એ લાગે કાચુ-જ્ઞાની.
અમીનો ઉછળતો સાગર, સુધા ભર્યો રસ રત્નાકર,
અનુપમ સ્વર્ગીય સાકર, મળે પ્રભુપદ રજ પાસે;
પરિક્ષાને જો ઇચ્છો તો, પ્રેમી થઇ તપાસો સાચું-જ્ઞાની.

૬

જોયો સાળો ડહાપણનો ભંડાર, હાં હાં મોટો કર્યો વેપાર,
બની ઠની ચાલ્યો ભરચૌટામાં, પુછયા ભાવ બજારમાં હાં હાં (૨)
કહે છે ખરીદી લાવ્યો ભાજી, છે સુંદરને વળી તાજી,
ના તજે તોય પતરાજી, કરી અક્કલ તણી હરાજી;
કરો મશ્કરી ભલે પરાક્રમ, જો જો બીજી વ ર (૨)-જોયો.
મળ્યો દલાલ પૂરો પાજી, એણે બગાડી દીધી બાજી,
હવે બુદ્ધિ બતાવું ઝાઝી, જેથી બજાર ઉઠે ગાજી:
કોણ પછી કહેનાર મને છે, ઘરમાં માંખી માર હાં હાં (૨)
હુશીયારીથી બની જવાના, મુનીમ હુડફાલાલ હાં હાં (૨)-જોયો.

૭

તમને ઘટે નહિ આવું કાન્ત ! તમને ઘટે નહિ આવું:
આશ્રિત પર શું રીસાવું કાન્ત ! તમને ઘટે નહિ આવું.
માનસ સરના રાજહંસ તમે, મુક્તાફળના ભોગી;
કમળ કુસુમ સમ સેજ સુંવાળી, મૂકી થયા તમે યોગી કાન્ત-તમને.

જે સરવર જળ પાન કર્યાં ત્યાં, કંટક કદી નવ ધરીએ;
સુખ દુઃખમાં નિશદીન, અનુસરતી કિંઉ કરી કયમ પર-
હરીએ કાન્ત !–તમને.

૮

પરોપરકાર એ આત્મ વિભૂતિ, સજ્જન મન ગણુતા ગણુતા;
વિશ્વ સકળને કુટુંબ ગણીને, સૃષ્ટિમાં ફરતા ફરતા.
નિશદિન પ્રત્યે જન હૃદયોને, ત્રિવિધ તાપ બાળે બાળે;
સુધાકર સરખા શાન્ત મહજ્જન, નિજ વચને ઠારે ઠાર.
વિશ્વ સકળનું ઉત્તમ ઇચ્છિત, પ્રાણાન્તે કરવું કરવું;
જન સમુહના પ્રબળ હિતાર્થે, ભલે પડે મરવું મરવું.

૯

પડતી હવે મુજને ખબર, તુંમાં, જણાયે હર્ષ નહિ;
આ જગતની જંજાળની ચતુરાઇ તેં દીઠી નહિ.
જ્યાં પ્રેમ મારો ઝળહળે, ત્યાં તેં દીધો બદલો ખરોઃ
ઘરબારને છોડયા વિના, યુકિત કશી સુજી નહિ.
હવે તો જો જરા જાગી (૨)
ચોળી વિભૂતિ અંગ, બન્યો શું યોગી (૨)
સમાધી જૂઠી દે ત્યાગી (૨)–હવે તો.
વિલાસી મહેલના વાસી, તને આ શી લગન લાગી (૨)
મધુરાં પુષ્પને ત્યાગી, અહા કાંટા શું હીન ભાગી (૨)–હવે.

ઉંડી આશ ધારીને, મેં તારો સંગ કીધો' તો; (૨)
ભરુંસો દઇ ભૂલાવી ઓ ! વિરાગી શું ગયો ત્યાગી (૨)–હવે.

૧૦

છો રાજ્યયોગી રઢીયાળા, અમે જપીએ તમારી માળા,
શ્યામ રસાળા સ્નેહે સ્વીકારો, અમ ઉરના સન્માન;
તમે મનમાન્યા મેહુમાન (૨)–છો રાજ.
કાન્તી દેવી હું જગે ગણાઉં, અનુપમ કાન્તિ શાન્તિ લાવું,
કલ્પવૃક્ષથી આપું અધિક હું, મ્હોં માગ્યા વરદાન;
તમે મનમાન્યા મહેમાન–છો રાજ.
આત્મ કાન્તિ મમ જગે પ્રસારી, માનવના દુઃખ સહુ સંહારી,
દીવ્ય જ્યોતિ જગમાં વિસ્તારી, સ્થાપું સુંખનું સ્થાન;
અમારી એજ હૃદયની લ્હાણુ–છો રાજ.
રિદ્ધિ સિદ્ધિ નિશદિન દેનારી, ક્ષણુમાં ઇચ્છિત કરનારી,
ત્રિલોકમાં ફરનારી શ્રી હું, આપું અનુપમ જ્ઞાન,
તમે મન માન્યા મહેમાન–છો રાજ.
જગસેવા મમ લક્ષ્મી સાચી, જેથી રહું હું નિશદિન રાચી,
એ વિણ સંમત્તિ સઘળી કાચી, અંતર ગણું પ્રમાણુ;
અમારી એજ હૃદયની લ્હાણુ–છો રાજ.
અનુપમ અક્ષય વૈભવવાળી, ભૂતિ ધૃતિ નવ કોઇએ ભાળી,
કુબેરથી રઢીયાળા આપુ, વિભૂતિ હર્ષ નિધાન;
તમે મનમાન્યા મેહમાન–છો રાજ.

આત્મરતિને વિભૂતિ ગણતો, મન ચાહે ત્યાં નિશદિન ફરતો,
પુણ્યપંથ સંચરતો દેવી ! ત્યાગું ભલે મમ પ્રાણ;
અમારી એજ હૃદયની લ્હાણ-છો રાજ.

૧૧

અનુપમ ભેટ આપીશ બાળ ! ભવબંધ ગુટે સહુ તારા,
પાઈશ અમૃત જ્ઞાનનું, સંસાર તાપ ભુલાશે-અનુપમ.
આશા અને તૃષ્ણા ભરેલા, વિષને તું વામશે,
આપીશ અનુપમ આંખ તુજને, દિવ્ય ધામ બતાવશે;
જન્મો જન્મ ઋણી તમારી, દેવ ! આ સરલા થશે-ભવબંધ.

૧૨

દુઃખીને ડરાવે શાને, મરેલાને મારે શાને;
બળેલા બાળે શાને, વૈરી વિધિ !
રીઝાવી સતાવે શાને, સતાવી રીબાવે શાને;
રીબાડી જીવાડે શાને, દયાના નિધિ.
શશિને કલંકો દીધા, ગુલાબો મનોહર કીધાં;
કીધાં ત્યાં તો કાંટાં દીધાં, દીનોનો નિશાસા લીધા;
નિયંતા તેં આવી શાને, અનીતિ કીધી-દુઃખી.
ચંદનને કુસુમ ન દીધાં, સાગર જળ ખારાં કીધાં;
અમૃત કહી ઝેર દીધાં, જીવન અકારા કીધાં;
રમણી હૃદયે આશા નિરાશા દીધી-દુઃખી.

૧૩

મારે અંતર બગીચે ખીલી પ્રેમ કળી,
કરમાયે રસથી ભીની, રસિયા રસમાળી વિના,
પાંખડી તલશે વિલશે, અમૃત મહેરામણ વિના;
બહુ પરાગ ભરી, છે સુવાસ ભરી–મારે.
અમી ભરી કુંજ જેવા, શાણા છો રસથી ભીના,
ભુરકી નાંખી કયાં નાસો, નાથ નગિના;
આવો આવો (૨) તલસાવો શાને વિલાસી બની–મારે.

૧૪

પ્રિય સરલા કેયમ વિસરાયે,
રહી હૃદય વસી પ્રમદાએ–પ્રિય.
ચંપક કળી ભલે હોય સુવાસિત, મધુકર નવ લોભાયે;
પ્રેમી વસ્તુને પ્રાણ અર્પતો, કેદી કમળમાં થાયે–પ્રિય.
ચંદ્ર ભ્રાન્તિએ પ્રેમી ચકોરી, અગ્નિ પ્રીતથી ખાયે;
એજ સનાતન રીત પ્રીતની, અન્યને શું સમજાયે–પ્રિય.

૧૫

તમે વહેલા (૨) વચને પળજો રાજ ! વહેલા વચને પસજો;
અમ વિનતિ અંતર ધરજો રાજ !–વહેલા.
શિર છત્ર છો નાથ અમારા દિલથી પીડા હરજો રાજ!–વહેલા.
ટળવળતાં અમ રંક હૃદયને, શશિ સમ શીતલ કરજો રાજ ! વહેલા.
વધુ શું કહીએ અંતર્યામી, તાપ ત્રિવિધ અમ હરજો રાજ !–વહેલા.

શૃંગી ઋષિ.

૧૬

મધુરસો મલય પવન મ્હેકે !
માલતી તરૂવરે લ્હેકે !
પુષ્પ તણી પરિમલ બહુ બ્હેકે !
સખી જો ! શોભા ઉપવનની (૨)

× × ×

અંગ તવ અનંગથી બ્હેકે !
મદન તણી ફુલવાડી મ્હેકે !
લલિત તારી આંખલડી લ્હેકે !
પીડા અમે પ્રમાણી અંતરની (૨)

× × ×

સરવર કમળ પરાગ વહે !
તરૂવર ફીચા ઢળી ઢળી રહે !
પંખીડા મધુર મધુર કંઈ કહે !
સખી જો ! શોભા ઉપવનની (૨)

× × ×

અંતરે ઉંડો ઉમળકો વહે !
જૂઠી તારાં લોચનીયા શું કહે !
અલી હવે હા કહે કે ના કહે !

× × ×

૧૭

માયાના મર્મ કહો કોણુ કલે !

અઘટિત ઘટના અટપટી રચતી પળટાયે પલપળે–માયાના.
બ્રહ્મ જ્ઞાનમાં મગ્ન થઇ જે, રમણુ ધ્યાનમાં કરે;
એવા મહા મુનીશ્વર ભૂલ્યા, ભાન માયાના બળે–માયાના.
કયાં સુન શૃંગી માત કયાં હરિણી, નામ નિશાન ન મળે;
નિજ માયાને નિમિત્ત કરીને, હરિ ચહાય તે કરે–માયાના.

૧૮

હું તો જોગણુ બની છું, મારા વહાલમની;
વહાલમની પ્રેમ આલમની.—હું તો.
વન વનના મહેલ પ્રિતમ ! તારા વિણુ સુના છે,
તીરથના ઘાટ પ્રિતમ ! જોગીથી જુના છે,
રસિકા એ રસના ઉપાસકની—હું તો.
તરૂ તરૂને પાને પ્રિતમ ! નામ જો તારૂં છે,
રેખા રેખામાં પ્રિતમ ! ભાગ્ય જો મારૂં છે,
દાસી એ દિલના દિલાવરની—હું તો.

૧૯.

આલમ તણા ચોગાનમાં, જયાં ચાંદની ચમકી હતી,
બેઠી હતી ત્યાં બાગમાં, એકાંતમાં ઉર રીઝવતી;
પુલ વીણતાં કંટક ખુંચ્યાં, સુકુમાર રમણી પાયને,
પ્રેમાંશીજન તે કાઢતો, એ ચિત્ર નયનોમાં સ્પુરે.

૨૦.

વાહ ઋષિરાજ ! લાગો બહુ વહાલા વહાલા !
શિર કેશ છે સુંવાળા, બહુ કાળા કાળા.—વાહ.
જાણે ભ્રમર માળા, વળી બોલ બહુ રસાળા.—શિર.

હરિણી નયન વદન ચંદ્ર !
જોતાં મને થાયે બ્રહ્માંનંદ !
શીખવીયે મીઠા મદન મંત્ર,
બતાવીએ રતિ આશન તંત્ર;

* * * *

ચાલોને મુનિબાળા ! જોવાને મદનશાળા.—શિર.

૨૧

હાંરે ચાલો ચાલો સલુણા રસકુંજમાં !
મીઠી મજા માણોને રસ કુંજમાં.—હાંરે.

ખીલી સુંદર શી કુંજ !

* * *

માંહી પુષ્પોના પુંજ !

* * *

ગુંજે ભ્રમર જુઓને ઉછરંગમાં.—હાંરે.

૨૨

હવે હું અલખ યોગ સાધીશ, જીવન તણી જય યાત્રા માટે;
સમાધિ સ્નેહની સાધીશ, જંગત તણી વાટે ને ઘાટે.

સ્નેહી જોડીમો સ્નેહ ધર્મમાં, સફળ થશે સંસાર;
અલખ મંત્રથી ઉઘાડશું, અમે અક્ષય સુખ ભંડાર–હવે હું.
પતિત પાવની ભાગીરથી સમ, વાણી આપણી શ્યામ !
દર્શાવે મને પગલે પગલે, પરમ બ્રહ્મના ધામ.–હવે હું.

૨૩

રસ સુંદરીની રસ સુંદરતાં, તમે જુઓ ઉઘાડી આંખો,
હવે તમે જુઓ ઉઘાડી આંખો;
ભરચ્છક અમૃત ભરી કટોરી, અમૃત લઇ લઇ ચાખો (૨)
હવે તમે જુઓ.
વદન હેમ જ્યોતિ વસી, નયને પ્રેમ રસ જ્યોત,
હેલી કરે અમૃત તણી, આત્મા અમીરસ જ્યોત.
આશા ઘેલી તમ હૃદયા ઉરના,
રસિયાવાસી બની સિંચો મધુરતાં;
લાવો રસિકતા, મમ મનગમતાં (૨)–રસ સુંદરની.

૨૪

ભાવિ પ્રાબલ્ય.

મને મારીને રથને ખેડોરે, બાળા રાજારે;
કાં તો યુધ્ધમાં સાથે તેડોરે બાળા રાજારે.
મને પારણું ઝુલાવ્યાના કોડરે--બાળા રાજારે.
માગું સ્વામિ તમ સરખી હું જોડરે–બાળા રાજારે.

હું તો પાલવ પાથરી પાય લાગુંરે–બાળા રાજારે.
નાથ ! વિનતિ વારંવાર માગુંરે–બાળા રાજારે.
વિકટ વેળાએ આમ નવ છાજે વીરાંગના બાળારે;
ઘોર નાદે સંગ્રામ પ્રિયા ગાજે વિરાંગના બાળારે.
પળમાં કૌરવ સંહારી પાછો આવું વીરાંગના બાળારે
વીર હાંકે સંગ્રામને ગજાવું વીરાંગના બાળારે
મને સાથે સંગ્રામે લઈ જાઓરે બાળા રાજારે
નાથ ! નમેરા આમ નહિ થાઓરે બાળા રાજારે
વિજય વાટડીએ સ્વામિ સાથ આવુંરે, બાળા રાજારે
વીર રમણીના નામને દીપાવુંરે બાળા રાજારે
લખ્યું હશે તો ભેળા થાશુંરે બાળા રાજારે
નહિ તો સ્વર્ગમાં સાથે જાશુંરે બાળા રાજારે

૨૫

મારા કેશર ભીના કંથ ! હો ! સિધાવોજી રણવાટ,
આંગણ રણધ્વજ રોપીઓ હો ! કુંજર ડોલે દ્વાર;
બંદી જનોની બિરદાવલી હો ! ગાજે ગઢ મોઝાર–મારા.
જય કલગીએ વળજો પ્રિયતમ ! ભીંજશું ફાગે ચીર
નહિ તો વીરને આશ્રમે મળશું હો ! સુરગંગાને તીર–મારા.
રાજમુગટ ! રણ રાજવી ! હો ! રણઘેલા રણધીર !
અધીરો ઘોડીલો થનગને નાથ ! વાધે રણે મહાવીર–મારા.
(વિમાનમાં બેસી સ્વર્ગે જતાં) (કવિ ન્હાનાલાલ)

અંતે ભાવિ પ્રબળતા, આવી ઉભી રહે હજાર સંયોગે;
હોનહાર નહિ ચૂકે, ઉદ્યમ કરો ભલે તન મન ભોગે.

૨૬

પરણીને પરાધીન થાવું, સાસરીયામાં જાવું રે....સખી. (૨)
સ્વામિ સલુણો હોય નહિ તો ટાઢે છાયે સુકાવું રે....સખી. (૨)
પરણ્યા પહેલા ચિત્ત હરે તો, સાકર દુધ ભેળાવું;
રસિક વર વિના દિનરાત્રિ, જોબનમાં કરમાવું–પરણીને,
પ્રેમ વિનાનું પરણવું એ, ભૂખ વિના જેવું ખાવું;
સ્વામિ સાથે મન વિનાનું, રાગ વિના જેવું ગાવું–પરણીને
નણદલ વીરા હોય જો સારા,તતો તો સોહાગણ થાવું;
સરખે શરખી જોડ તો, ગંગામાં જેમ ન્હાવું–પરણીને.

૨૭

રમતીતી (૨) વિશ્વબાગમાં, મન કલ્પિત સ્વામી મનાવતી.
ફરતીતી (૨) પુષ્પ પરાગમાં, ભ્રમર ભ્રમણ નિહાળતી;
ગૌરી મટી મુગ્ધા બની, સૃષ્ટિ અનેરી નિરખતી;
મુગ્ધભાવ જગવતિ, કંઇ કંઇ મનોરથ બાંધતી—રમતીતી.
આવી અચાનક વાદળી વિભ્રમ વિષમ વર્ષાવતી;
આપું હૃદય કે ના હજુ, હીંચોળે ચિત્ત હીંચતવતી—રમતીતી.

૨૮

રાજાજી ! નોકર અમે રણવાસનાં,
નથી અંગ વસ્રો ભુપતિ વિલાસનાં—રાજાજી !

છો દાસી તમે મીઠા મન્મથને મનાવવા,
રાણીની લ્હાણુ દેવા હું આવ્યો છું મણાવવા;
ઓરાજ ! શું સમજી આવું બોલો પ્રકાશમા—રાજાજી !
પંખી સુંદર પુલ કળી કોમળ, મધુકર મોહ્યો આશે,
રસનો ભોગી રસ ચાખ્યા વિણ, આશા ભંગ કેમ જાશે ?
...........ઓ....રાણી આવ્યાં ! !
...........ના....નથી આવ્યાં,
રાજવી કંઇ લાજો, મુંગા જાઓ અવાસમાં—રાજાજી !

મધુ–બંસરી.

૨૯

રાધા છો કાનનાં દુલારી, જાઉં હું વારી,
શાને લજાવ છો કુમારી !
નાદાની તારી—રાધા.
ભૂલ્યાં ગોપાલ હૈયાહારને મ્હૈયારી !
હારી હું હારી—રાધા.

૩૦

બંસી મહિં પ્રાણ વસ્યા હાં શ્યામળા,
પ્યારી એ પ્રાણથી !
કાન કેરી હૈયાહાર એ માનીની !
ગોપી શું કામની ?—બંસી.

૧૭

હો બંસી કે ગોપીઓ, કાન તણાં સૌ પ્રાણ;
રાધા, ધેનુ, ગોપ, વ્રજ, સહુપર એ કુરબાન,
વાણી વદી જાદુ ભરી, હૈયું હરી સ્મિત કરી,
હાં કાનુડે ભૂલાવ્યાં ભાનથી—બંસી.

૩૧

જાગી જ્યોત જાગી હૃદયની જ્યોત જાગી,
બંસીઓ સાથ વાગી, આત્મની તાલિ લાગી,
બ્રહ્મની ધૂન મધુરી એ સુભાગી—જાગી.
સ્વર્ગ અવની સૌ સુહાયે,
દુઃખ દિલનાં સૌ શમાયે,
સૂર ઉર ઉર્મી પૂરાયે,
થાજો સ્નેહયોગી, સ્નેહભોગી, સ્નેહરાગી-જાગી.

૩૨

પ્રાણ પ્યારાં એ,
મીઠડાં એ, રતિસમાં એ, લજાયે સુહાયે નેનરે-પ્રાણ૦
રતિશી કામણગારી કાયા,
મદન મોહન વાહ રાયા !
ઉતરી આલમ મોહ માયા,
વરો આ વ્હાલમને !—પ્રાણ૦

૩૩

મોરી બૈયાં ન પકર, ગિરધારી શ્યામ,
ચલી ભરન નીર જમુના કે ધામ—મોરી૦
તુમ તો જાયે સોતન સંગ રહેતે,
અબ તો સનદ પ્યારી, શ્યામ—મોરી૦

૩૪

આમા નવ વન રસભર નારી,
શોધતી હું મહાદીવી દુલારી,
ભેટયાં પ્રાણ સમાં માલી—આસા.
પ્રાણ આદેશ શિર સાટે ધારી,
થાઇશ હું જલધારી—આસા૦

૩૫

જરાં કહોજી સાવરિયા, શાં જાદુ કર્યો ?
જાદુ કર્યાં, મન ઘેલાં કર્યાં,
હતું મમ દિલ ભોળું બાળ, નહિ સમજ્યું કુમારૂં, કંઈ
કાતિલ તમારા કામણે, બાળાં દીવાની થઇ;
જીગર અમ લૂટી લઇને ના દવા પાગલને દેશો કંઈ.
જીવન વિનાની વેલીને પ્રીતિના પાણી પશે નહિ—જરા.
હર્યાં અમ પ્રાણ નેહે નાથ, કરૂં વિનંતી સતાવો નહિ,
મોહન તમારાં હાસ્યથી, નેનો નચાવો નહિ;
શરમવશ મુખે કહેવું શું ?—દયા ઘાયલની લાવો કંઇ;
શરમ આંખોની રહેતી હો, કલેજાં કૂણાં કાપો નહિ—જરા.

૩૬

ભાગ્યોદય.

ભાગ્યે જે લખાયું જરૂર તે થાવાનું,
લખે જે વિધાતા ન ફોગટ થાતાં.
કરો બળ સામે મિથ્યા તે જાવાનું-ભાગ્યે.
માતુ ઉદરે જવ બંધાય તન આ,
એ દેહ માંહે પ્રવેશે જ્યાં પ્રાણનો પવન આ,
ત્યાંથી છપાયે કેવું છે જીવન આ,
સમજોને શાણા, છે વેદનાં વચન આ-ભાગ્યે.

૩૭

દિલ મારૂં આ દીવાનું ફટક્યું ફરે છે ક્યાં ક્યાં?
જેમ જેમ લગામ ખેંચું જઇ જઈ મરે છે ક્યાં ક્યાં?
પૂરાઇ પીંજરાંમાં હું પંખણી ખુશીથી,
તોહે પછાડી પાંખો ફોકટ ફરે છે ક્યાં ક્યાં?
જુવાનીઆ મુંઝવે, પણ સત્ય કેમ છોડું?
તોયે હૃદય પ્રણયની પ્યાલી ભરે છે ક્યાં ક્યાં?
ક્યાં ક્યાં જીગર ચીરાયે, ક્યાં જીંદગી સુકાયે,
જાણું ન આંખમાંના આંસુ ખરે છે ક્યાં ક્યાં?

૩૮

મને વરવાની આશામાં,
જોને વર પેલા સલામો ભરી રહ્યા-મને.

જોબનનો નવ રંગ ચડયો તને અંગ અંગે સખી,
ખીલ્યું અનોપમ રૂપ મનોહર–પેલા સલામો.
મીઠાં સુણાવે ગીત ફાગણ જો પ્રેમનાં,
શૃંગારો મોકલે વસંત આ,
બન્ને રસીકવર બઇ મળ્યા તને,
ખોળે કાં કંતને ?
વરને વસંતને,
ખેલાવશે તને–પેલા સલામો.
લુચ્ચો પવન મારે અંગે લપટાય છે.
ભમરો આ કંઈક કહી જાય છે,
ગાંઠા બન્યા છે બેઉ તારી મીઠાશમાં,
રસના ઉલ્લાસમાં,
બાહુના પાશમાં,
ખેલે વિલાસમાં–પેલા સલામો

૩૯

પાય કોણ મને પ્રીતીના ઘુંટડા,
ગોત્યા મેં કૈક ફૂલ ફાલ્યા ને ફૂટડા–પાય.
પરણ્યો પડયો રહે છે પારકી પંચાતમાં,
મૂને બોલાવે નહિ દીમાં કે રાતમાં,
વરતો મળે હજાર નાતરીયા નાતમાં,
મનના રીઝે એવી વાતમાં—પાય.

૪૦

આંખો પરે અંધારી પ્રરે પુરી છવાઇ,
સત્તા તણાં ગુમાને બુદ્ધી એ ઉંધી સૂઝે,
પીડો તમે, મારો મરે રયત રીબાઇરે....આંખો.
આ રાંકડી રૈયત કદી સોંપી તમોને ઈશ્વરે,
એને પ્રીતીથી પાળવી કે મારવી એને અરે ?
લાખો જીગરમાંના નીસાસા કો કદી બુરૂં કરે,
માટે દયાની દ્રષ્ટિથી પાળો પ્રજાને આદરે,
સંતોષ જયાં પ્રજામાં, આબાદી ત્યાં સવાઇ,
જયાં ધર્મ રાજય ચાલે, ત્યાં રામની દુવાઇ–પીડો.

૪૧

ઓચીંતાં કુસુમ બાણુ મારી, ઓ પ્યારી,
રંગીલો કાન કયાં ગયો,
મીઠા બોલ બોલી પ્રસાવી છબીલો કાન કયાં ગયો ?
હું ઢુંઢું અકેલી વનમાં,
અરે હાં, છુપાયો કયાં લાડી લો ?–ઓચીંતાં.
મટુકી લઇ હું તો ગઇતી મહી વેચવાને,
લુંટી લીધી નંદલાલે,
ભુલેલી ફસેલી થૈ ઘેલી છળેલી, બતાવો રસીલો
કયાં લાડીલો ?–ઓચીંતા

૪૨

આલોજી પીયા ખેલો આજ હોરી,
તારા રંગ ભરી પીચકારી સોનેરી,
દેહ ભીંજાય જો ગોરી ગોરી મોરી—ચાલોજી.
તું વસંતની વેલડી, લ્હેરે લળી લળી જાય,
તેમ તેમ મોહન મંત્રથી, મુંજ મન ઝોલાં ખાય.
પીયાં તારાં ઘેરાં નેનાં,
કસુંબલ ઘેર્યાં નેનાં,
છોકે ના જાજો વ્હાલા,
રંગ ચુવે ને ભીંજાય સાડી મોરી—જી પીયા ખેલો.

૪૩

કોણુ વિદેશી મારા મનમાં વસી રહ્યો ?
મોહની મુરતી જોઈ કાળજું કોરાયું,
હાયરે ન જાણું કયારે મારૂં ચીત્ત ચોરાયું ?—કોણુ.
પ્રાણને જીવન થયો, પણ નવ પીછાનુ,
જાણું છે આધાર, પણ નામ ઠામ ન જાણુ
અજાણ્યો પ્રીતમ મને બાવરી કરી રહ્યા—કોણુ.

૪૪

પ્હેલી ચૂમીનો લેવાને લાવ,
આમ થાઓ કાં ઉતાવળા ?
કોઈ દેખી જો જાય મારૂં લાજી હું હાય,
મીઠ હાસ્યથી બોલાવે અધર,

કેમ છેટાં રહ્યું જાય ?–પ્હેલી.
મોંઘાં નવી સ્ત્રીની પ્રીતીનાં મૂલ છે,
તેમાં અમારી ચૂમી તો અમૂલ છે.
એકવાર કરૂં એ પાન,
જાઉં થઇ હું તુજ ગુલામ-ચૂમીનો.

૪૫

ભાગ્યની ગાડીએ, ઉદ્યમ ને અભિમાન,
જોડયા એ બે બળદીયા, નસીબ ગાડીવાન,
સુખ દુઃખે ભરી, આ મુસાફરી,
કરમે જે ઠરી કરવાની પુરી,
નહીં વધે ઘટે તેમાં જરી,
જીવની શક્તિને પ્રબળ બુદ્ધિ,
કા ગણો તમામ નકામાં ?
નકામાં તમામ એ નકામાં, ન થાઓ બાપુ સામા;

સાખી.

જીવ ભાગ્ય ફળ ભોગવે, પૂર્વ કર્મ અનુસાર,
વાર્તતર આ જનમનું બીજે જનમ ખાનાર;
ચાહે તે કરે, ને મથી મરે,
ભાવી ના ફરે, કોઇ હી ખરે,
જે લખ્યા લેખ તે ઉતરે,
સદ્ વિચાર, સાધન, પ્રયત્ન,

કાં ગણો તમામ નકામાં ?
નકામાં તમામ એ નકામાં, ન થાઓ બાપુ સામા.

૪૬

સરસ્વતી-ચંદ્ર.

હળી મળી સહુ આલીરે પ્રીતે રીતે યજન ઉમાવરનું કરીએ,
મૃગમદ ચંદન અગર સુગંધિત ઉતમ વિધિને આદરીએ,
વ્હાલ ધરીને વામાઓ વ્રત ધરે,
શંકર તે સતીને સુખ અરપે આ................
સ્રીનો સૌભાગ્ય હાર, સ્વામી શૃંગાર છે............
એ સુખ અખંડ સદા શિવથી મળનાર છે............
એવું જાણી શાણી સ્નેહે સ્મરીએ આ............
ભવ ભવ કારણ, ભવજલ તારણ,
સદાય ચરણ શરણે ચિત ધરીએ;
શિવ ભક્તિવર, વરસુખ દાયક,
વ્હાલે વર વાંછિત વરીએ આ............

૪૭

ઓહો કરમગની, પલટી મતી મારી,
તજી નગર ઘર, દુર સ્વજનથી,
ઉર રહી ફિકર ભારી, તજી સુકુમારી-
ચંદ્ર કુસુદ તજી કુમે ક્ષાંતીતલ.
રજની કરી અંધિયારી દીન દુઃખીયારી,

૪૮

હે....ચન્દ્ર ધીમાંરે પ્રકાશો ગગન મંડળેરે;
હે....અમીરસ સીંચી સ્નેહ નજરથી લગાર વ્હાલી
કુમુદને વિકસાવવારે,

શિતલ વિમલ કિરણના કર સ્પર્શથીરે,
દૂર છતાં પણ દિવ્ય સ્વરૂપનાં દર્શથીરે,
ખિલાવો કુમુદ જરીરે. રસીલીનાં રસભરીરે, વ્હાલ વધારવાંરે
જલમા વસતી કુમુદિની, ચંદ્રમા વસે આકાશ;
જે જેના હૃદયે વસે, તે વસે છે તેની પાસ,
રખે ચંદ્ર ડુબાઓ સજલ વાદળેરે,
પ્રેમી કુમુદને ડુબાવી વિરહાશ્રુજળેરે;
પડી પક્ષીની સ્નેહ સરોવરેરે,
પ્રેમ મંત્રથી આરાધે ચંદ્ર અંતરેરે,
મુગ્ધા પ્રીતિવશ કુમુદિની, તમ દર્શમાં છે આશ;
રખે ત્થજી કરતા પ્રભુ દુર દ્વિપાંતરે નિવાસ,
જો જો પ્રલય કાળના તોફાનમાં,
કરતા ઉડા ધરણી તલમાં વાસરે,
કરવી પ્રફુલ તજી કુમુદને,
શિતળ ઓ અમૃત બિંદુ વરસાવીને,
કોમળ કલીપર આણી અંતર વ્હાલરે;
કરજો પ્રફુલ પ્રિય કુમુદને.

૪૯

પાપીના મોહડાં કાળા, સતીઆની બોલબાલા,
થન થન કુટલ મન શું કરે, તન મન કરી લે તું ભલે,
દોરી છે સહુ તુજ, હાથમાં જગનાથના.
શું કરે ભલા વૃથા બડાઈ પ્રભુ કરતા, જગધરતા, સંહરતા,
અદલ ઈન્સાફ તેના હાથમાં નાદાન કર ગુમાનના
પાપીને ધારણા થાય અંતે ધુળધાણી.
તજ શઠતા દુર્જનતા મન ક્રૂરતા, નિષ્ઠુરતા.

૫૦

માન્સ-સરમા ઉછરેલી તું દિવસ કેમ અહીં કહાડે,
સારસ શુદ્ધ તરે વિકસેલાં, અલિ કુલ ગુંજા માંડે-માન.
માંડી ગુંજા એ સરી જાતાં, સુરભી પરાગની માંહે;
સુરભ પરાગ કરે સુરભી ખરી, પ્રસરે સલીલ પ્રવાહે-માન.
એ માનસ સરમાં ઉછરેલી ! પડી અહીં તુ આજ;
મલિન દેડકાં ભર્યોજ ખાડામાં પડી હંસની હાય !
માનસ સરમાં ઉછરેલી ! તુજ દિવસ અહીં કેમ જાય.

સરસ્વતી-ચંદ્ર ભાગ ૧ પા. ૬૪.

૫૧

પ્રીતિ કરી શું તરછોડી પરદેશી,
હાં છોડી પરદેશી, હાં છોડી પરદે.
પૂરી પંખીણી પ્રેમ પાંજરમાં.

આખર પાખ મરોડી પરદેશી, હાં છોડી પરદે.

ત્યાગી કુમુદ વન ભટકી ઓ ભ્રમરા.
આવ્યો અહીં શું ફરી દોડી પરદેશી;
હાં દોડી પરદેશી ,હાં દોડી પરદે.

ઉડીજા ઉડીજા પંખી મુસાફર,
રેન રહી છે હવે થોડી પરદેશી,
હાં થોડી પરદેશી, હાં થોડા પરદે.

૫૨

શીતલ ચંદ્ર જેવું વદન કાન્તીમાન
નયન મીચી લે તું શાંતીથી વિરમ,
જાણું જઇ ભેટું એવા ઉમળકા આવે છે;
બોલૂં કંઇ બોલૂં ત્યાં તો શરમ દબાવે છે;
કાંઇ કાંઇ અંતર થાય થાય થાય ના સહેવાય.
થર થર થર કંપે કાયા, સ્વર થરડાએ છે;
ચાલુ ત્યાં ચરણો અન્યોઅન્ય અથડાએ છે;
લાગી લાગી હાં સ્મર લ્હાય લ્હાય લ્હાય અસહાય.
જાગોજી જાગો વ્હાલા નીદ્રાં વીસારી દયો.
રાગી થઇ ત્યાગી વ્હાલા ત્યાગી સમાધી દયો;
લળી લળી લાગું હું પાય-પાય પાય ઢાળું વાય.

૫૩

મને પ્યારી લાગે હાં છબી સુંદર મોહન વરની
મોર મુકુટ પીતાંબર સોહે ગલે વીજયંતિ મલા,
વંદ્રાવનમાં રાસ રમે હરી રાધા રમણ રૂપાળા,
રશીયા રસ તરશ્યા રસીલીના રસિક અધર ચુમંતા,
પીન પયો ધાર મરદન કરી હરી ભાવથી ભુજ ભરંતા.

૫૪.

અયસે પાપી નર [illegible] કલજુગમેં.
પગડી બાંધે પેંચ સવારે ઠુમક ઠુમક પાઉદેંગે,
ગલીઓં કે બીચ ફીરે બાજારેં, નાર પરાઈ પાપી તકત ફીરંગે—
ભુખે પ્યાસે સાધુ આવે, ચપટી ચુન ન દેગે,
સાલા સુસરા રોજ જમાવે, ભાઇઓસે પાપી રાડ લડેગેં—
લાલ સ્થંભ [illegible] સાથ બધંગે
તુલસી[illegible] ભજો [illegible] પુન્ય દે નો સંગ ચલેગે—

૫૫

અલખ લેકુ લગીરે જગની માયા હવે ત્યાગી
જનમી જીવ જંતાળે જીવન વ્યર્થ ગયું
માનવ તન આ ધરી ન સુકૃત કાંઈ થયું,
હાય ઓય હરઘડી કરી જીવ બની સ્વાર્થમાં અંધ
માયા મોહ નીશા અંધારે ન સુઝયો સારો પંથ.

શું ધન ધરણી ધામ સુખ રૂપી રંગથી
વસ્તી વાડી બાગ બંગલા પ્રસંગથી
વીજળીના ચમકાર ગણીજો માયામય સંસાર,
અલ્પ ઘડી આરામ મળે નહીં મન ફાંફા માર.

પદ

પરણીને પરવશ થઈ રહેવું, પિંજરમાં પુરાવું,
સુખમાં ફરતા સ્વતંત્ર [illegible]ને બંધનમાં બંધાવું,
પરણી [illegible] પસ્તાવું વળી પાછું રંડાવું.
રસ ભીના રંગ રસીલા [illegible] રસમગ્ન થાવું;
અધર સુધારસ પ્રીતિ [illegible] પીવું ને વળી પાવું.
પરણી લ્હાણું [illegible] સુખી સંસારે થાવું.
ભોગ તેટલા રોગ સમજવા વિષય વિષ નવ ખાવું,
ઝેર હળાહળ અમૃત માની નવ પીવું નવ પાવું.—
રચી ઈશ્વરે સૃષ્ટિ એવી. પાપ ગણે તું શાણી ?
શીવ સાધુ યોગેશ્વર તોએ રાખે સંગ ભવાની.—
રહી ગારગી બાળકુમારી, સરસ્વતી પણ સાથે,
પ્રવીણે પણ પતિને પરણ્યાની પીડા ન લીધી માથે—
દૃઢ યોગી પણ ભોગી બન્યા માયામાં લપટાયા,
ચંચળ મનના ચકડોળે ચડી ભલા ભલા ભરમાયા.—
સુંદર વનની કુસુમ કળી તું, બની હાર હૈયાનો
રસિક તણે હૃદયે વળગી કર સફળ હેતુ જીવ્યાનો.—

૫૭

હું પરણું કદી નહી, પીડા ધરૂં નહી શીરે કદાપિ સંસારની
રહું બાળકુમારી, સદા બ્રહ્મચારી હું ભકિત કરૂં વિશ્વાધારની
પ્રાણ તણા પિંજર વિષે પરવશ થઇ પડવું નહીં,
સંબંધીઓના બંધની બેડીથી તન જકડવું નહીં.
આ નાટકી સંસારની દુર્ગંધા મહીં મરવું નહીં,
અમૃત ગણીને વિષય વિષ પીવાનું મન કરવું નહીં.
જુઠા માયા અંધરમાં હું પડું નહીં રહી વાત હૃદય વિચારની

૫૮

શાંત સમાધી ધારી શું બેઠા જાગો ઓ જોગી બાલ;
દ્વારે તમારે એ આવી ભીખારણ ભોળી બીચારી બાળા
ભ્રષ્ટ કલંકિત પ્રેમથી વંચિત સંચિત પાપની શાળા;
ઘરથી વિછુટી વચનની જુઠી, ભાગ્યની ફુટી બાળા.
ત્યાગી ઘરજન વનમાંહી આવી રાત અંધારી ઘોરરે
ભવ જંગલમાં ભુલી ભમું ત્યાં મળ્યાં લુટારા ચોરરે
લુટી શોભા સુખ અને લુટયાં સહુ શણગાર;
પછી પ્રજાળી પ્રેમદા ધગધગતે અંગાર.
અલગ થયાં શું યોગી મ્હારા, અલખ અલખ જગાવો
શરીર સળગતાં, શેશ વિભુતિ, અંગની અંગ લગાવો.

૫૯

થા પ્રિય કુસુમ હૃદયેશ્વરી
પતિની નેત્રમણી થઇ રહી મનહરી—
વરબાળા વૃત વિસરી—
બ્હેન વચન તમ હિતકર માની, પતિ ચરણા ગ્ણુજ સેવી;
સતિ સૌભાગ્યવતિ સુખદા; થા; ગણીપતિ પ્રભુ ગ્રહદેવી;
રહે સુખી સાગર સંગમ પામી, ઘેલી ગંગા ગૌરી, થા.

સતી દ્રોપદી.

૬૦

ધર્મ ધુરંધર શ્રીયદુનંદ જયજગ વંદન સ્વામી રામ
જગદાનંદન કંસ નીકંદન પંકજ ચરણ નનામી રામ;
સંત સતી સુખદાયક જનના, સહાયક દીનના,
વિશ્વંભર વ્યાપક જળ સ્થળના, શશી દીનકરના;
ગૌબ્રાહ્મણ પ્રતિપાલ લાલજી, પાંડવ રખવાળ જોને,
દ્રોપદી કેરા દાસ દયાળુ કૌરવ કુળના કાળ જોને;
ભારત ભવજળ તારક સ્વામી પાર્થરથના ગામીરામ

૬૧

હો કનૈયાજીરે અમને માયા લગાડી અલબેલા
વનમાં વેણુ વગાડી અલબેલા— હો૦

બંસીબટ પનઘટ નિકટ, તટ યમુના યદુવીર
નાચે નટવર નંદના, હરી હળધરના વીર.
લીલી લવિંગ લત્તા શોભિતાજીરે,
લીલાં વન વૃક્ષ વેલ વાડી ઓનાજીરે મારા વાલા—લી૦

× × × × ×

ચાલો સખી જઇએ ત્યાં જ્યાં વસે વૃજરાજ,
નીર ભરતાં પ્રભુ મળે મળે એક પંથ લે કાજ,

× × × × ×

રસીયાજી રાસ રમાડોરે અમને રસીયાજી રાસ રમાડો.
સમીરે સંધ્યાની આવી સરખી સાહેલી.
આનંદ અંગે પમાડોરે અમને રસીયાજી રાસ રમાડો.
બંસીબટ સમબટ નહીં, નંદધામ સમ ધામ,
વંદ્રાવન સમ વન નહીં, કૃષ્ણ નામ સમ નામ.
કાનજીને માથે સણી જડયા મોળીયાંરે
તારા મોળીયાંનો બડો બડો ઠાઠ
ખમા ખમા રૂપાળા કાનને
કાનજીએ પીતાંબર પેરીયા કાનજીને કાને કુંડલ હૈએ-હાર
ખમા ખમા લટકાળા કાનને—હો કનૈયા—

૬૨

શામળીયાજી કરજો મારી સહાયરે,
વ્હાલા ગરૂડે ચડીને વે'લા આવજોરે;

શ્યામ સલુણા સુભદ્રાના વીરરે.
આ દીન બાળાની લાજ દયાળુ રાખજોરે;
છોગાળા છે વાત છેલી નથી કોઇ મારૂં બેલી
વા'લા તુજ ગુણની ઘેલી દાસી દુઃખમાં ડુબેલી
દુઃખીનીની દાદને ફરિયાદ અંતર લાવજોરે.
કૌરવ કર્મ ચંડાળ દૂશાશન નિર્દય અરે,
જોતાં પાંચ ભર્તાર પાપી પટકુળ તાણતો;
વા'રે આવોને, દયા દીલ લાવોને
નાથ છું અનાથ નારી ભરૂસો છે ભૂદર ભારી,
જેવી તેવી છું તમારી વા'લા દેશો ના વિસારી
હેતે હળધરજીના વીર આવી ઉગારજોરે. વાહલા.

૬૩

વા'રે લાલા મોહન બંશીવાલા,
ઠગો છો શાનેરે સલુણા,
જાણી જાણી તમારી મેં ઠગાઈ
પ્રીત બાંધી હવે હું પસ્તાઇ.
પસ્તાઇ પુરી કાના ઠગાઇ હું તો કાના,
રસભીના રંગીલા શરમાળા શામળીઆ-વા'રે૦
શાને સતાવો વાલા વાતે ઉડાવોરે,
એરી એરી લાલા વાતે ઉડાવો;
મેં જાણ્યા સરવે ચાળા અરે જાઓ નંદલાલા
વ્રજલાલા, ગોવાળા છબીલા છોગાળા'-વા'રે૦

૬૪

સખી સ્વપ્ન મહીં મનમોહનમેં, નીરખ્યા એકાંત વિષે સયને
શરમાઈ રહી રતિ નાથ મદે, મુખથી કાંઇ ન બોલાય અરે;
વિનવે અતિ વલ્લભ વ્હાલ ધરી, નવ ઉત્તર મુખ અપાય જરી
નિચું જોઈ રહી દ્રગ પ્રેમ ભરી, ખણુતી પૃથ્વી નીજ પાય અરે;
કર સાહી રસીક રૂદે વળગ્યા, કરતાં બળસેન થયા અળગા,
તુટી હાર ગયો એ રકઝકમાં, કસ કંચુકીની છુટી જાય અરે;
છુટી કેશ ગયા વિખરાઇ અરે, ગઇ દેહ કળી કરમાઇ અરે;
ગયાં *વેદથી· વસ્ત્ર ભીંજાઈ અરે, પણ નાથ થયા નગણાજ અરે;
મનથી મન સેજ ગયું પીગળી, જેમ સાકર દુધની સંગ ભળી,
કીધા ભોજન નાથની સાથ મળી, મુખવાસ સુવાસ અપાય અરે
મુખ તાંબુલની પીચકારી ઉડે છે અચાનક નાથને અંગ પડી,
સખી તે રજની અને તેજ ઘડી રસીયો રીસ લાવી રીસાય અરે,
સજી શસ્ત્ર શરીર શું અશ્વ ચડી રણ જાય પિયુ અરે હું થી લડી
સખીઓ વિનવું તમ પાય પડી કરો જે રીતનાથ મનાય અરે.

૬૫

વા'રે આવો વિઠ્ઠલ વનમાળી,
પ્રથમ વચન દાન આપ્યું તે સંભારી;
ઓથ નાથ વિશ્વનાથ છે તમારી,
આશવાસને જગન્નિવાસ ભારી,
અધવચ અંતરીયાળ રામા રડવડતી રહી,

એકે નથી આધાર વાર કરો માં વાલમાં,
ભાવી ભકતનાં અનેક કામ કીધાં,
ધ્રુવ અંબરીષને અભયદાન દીધાં;
કઠણ કષ્ટ સમયમાં કઠણ થશો મા,
વ્હાલા બિરૂદ આપનું ભુલી જશોમા.

૬૬

ગોવીંદ ગુણ ગાઓરે....નરનાર
ગીરીધર શ્રીધર શ્રી મુરલીધર;
નામથી નેહ લગાવો-હા નેહ લગાવો રે.
મારૂં તારૂં મિથ્યા માની કૃષ્ણ કૃષ્ણ કહે જાવોરે રે૦
અધમ ઉધારણ ભવ જલ તારણ,
નિરભય નામથી થાવોરે ભય નામથી જાવોરે રે૦

વીર કેસરી

૬૭

થવાનું ના થવાંનું કહે નજુમી કોણ એવો છે,
ન જાણ્યું જાનકીનાથે, સવારે શું થવાનું છે ?
હતી શલ્યા રૂપે અહલ્યા, જગતમાં વાત જાહેર છે,
ન જાણ્યું જ્ઞાની ગૌતમે, સવારે શું થવાનું છે ?
હતા કૌરવ અને પાંડવ જગતમાં મહા બળી યોદ્ધા,
ન જાણ્યું ભીષ્મ જેવાએ, સવારે શું થવાનું છે ?
રમ્યા જુગટું સહુ સાથે, વિભુતી સૌ ગયા હારી,
ન જાણ્યું ધર્મ જેવાએ, સવારે શું થવાનું છે ?

૬૮

જબ દીલ ન હો કાબુમેં તો કયા મેરી ખતા હય યેહ
શાને ખુદા હય.
સચ હય જો મહોબ્બતમેં કીસીને કહા હય આફત હય
બલા હય
આઝારે મહોબ્બસે તો અલ્લાહી બચાએ યેહ [illegible] દીખાએ
યેહ દર્દ વહી હય જીસકી નહિ કોઈ દવા હય [illegible] દુઆ હય
શાયદા કોલગે કોસને અંદાઝ તો દેખો કુછ ગૌર તો કરો
મરતા હય તો મરને કે સીવા કોન જીયા હય આખર
કોફના હય.

૬૯

હું પદ તજો હરામી દુનીયા નથી સદાની
જર જોર ને જુવાની સહુએ થવાની ફાની
સાચી સલાહ માનીરે કરણી કરો મજાની
મમતા મુકોને પ્રાણી સહુ અંતે ધુળધાણી
આ જુઠી જીંદગાનીરે સ્વપ્ન સરખી લેખો જાણી
કોઇ આજે કોઇ કાલે પરલોક પંથે ચાલે
જમદુત આવી ઝાલેરે દુનીયા ડુબી જવાની

૭૦

આપ પાપડ વાડીમાં પધારજો લ્હેરીલાલ
મંદીરની સામે મકાન છે, નીચે દેશી દારૂની દુકાન છે

રંગરંગીલા ચાલ મારી પાડોશમાં તુલસી કયારાનું નિશાન છે
(છજામાં) તુલસીના ઝાડનું નિશાન છે—લ્હેરીલાલ
અખંડ ને અભંગ આજ સાંજ પહેલા પધારજો
હડતાળવાળાનું તોફાન છે જબરૂં હડતાળવાળાનું તોફાન
છે—લ્હેરીલાલ૦
જોખમ લાંબુ કામ પુરી પંચાત છે ધાસ્તી છે આફતમાં
જાન છે, મારા બાપ ધાસ્તી છે—લ્હેરીલાલ૦

૭૧

રૂકમણી સ્વયંવર.

ગ્વાલન હું રાધા ગોરીરે ગોપાળ બન્યા ગવલીરે
જે વીશ્વના નિયંતા અજ એ રૂપ ઠર્તા
ભકત પ્રેમવશ પરમેશ્વર બન્યા મારા માર્ગ દર્શી
શુભ પ્રેમ પંથ બતાવો ભવ ભય હવે મીટાવો
મુજ અંધના નયન ઇશ્વર હૃદય લગાવો હર્ષી

૭૨

યમુના તણા કીનારે ગોપાળ ગૌ ચરાવે
સંગીત સ્વર ઇશારે રાધા નીકટ બુલાવે
બંસી ધ્વની સુણીને શુદ્ધ દેહની ભુલીને
નીકળીને ઘરથી રાધા ગોપાળ સાથે આવે
યમુના સરિત કુંજે શૈયા કમળ બીછાવી
શ્રીકૃષ્ણ કર કમળથી રાધા ચરણ દબાવે

૭૩

મણીના ચોર એ મુરારીરે નટવર ગીરધારી
રમણી મણી રાધા મુખ ચંદ્ર ચકોર
નવલ યુવતીના નવલ યુવામણી ચોરે નંદકીશોર
નવનીતના રમણાં અધર રસના રસીયા
નંદ કિશોર રમણી—
જળને જમુનામાં અમો જળ ક્રિડા કરતાં બાઇ
ઠાકોર આવ્યા તે ઠામ (૨)
હરી વસ્ત્ર બેઠા વટના વૃક્ષરે કપટી કાનુડો
રમણી મણી રાધા મુખચંદ્ર ચકોર
સંધ્યા સમય જળ જમુના હું ભરવા ગઇતી
જબરૂં કીધું ત્યાં જોર (૨)
માટને ફોડી નીર ઢોળી બતાવ્યો તોર
રમણી મણી રાધા મુખચંદ્ર ચકોર—

વીર દુર્ગાદાસ.

૭૪

સોગન લઉં નક્ષ ચંદ્રાના સોગન લઉં
સોગન અમારા કેવા ગણીને ?
તમને વહુ દીકરી માનીને, સોગન ખોટા

લઉં જાણીને સોગન૦

મતિ પિતાની હવે સુધરશે

વંદન નંદાને મળી જશે, સોગન લીધેલા

ટળી જશે. સોગન૦

બોલતો કાગળ.

૭૫

એજ માગે સાહેલી સહુ સંગે મળી

કુસુમ દઇને સખી સુચન કરે છે એવું

પોતે ખિલો જગ ખિલાવો

ખિલે છે જેમ કુસુમ કળી—

કરમાં કંકણ કનક કેશં સુહવિએ

હીરા મુદ્રિકા આ અંગુલી ધરીએ

લાજ કંકણ લલનાનું

હીરા સમ શીલ સુભગાનું

પાસજો સદ્ગુણ શાળી સ્વામી

પ્રણય પંથ ગામી,

આશીષ છે અમ્હારી,

આભારી બ્હેનો મ્હારી;—

૭૬

રંગી, આ દુનિઆ રંગીએ રંગી તે રંગી બેરંગી
દુનિયા દોરંગી.
સાગર પાણી શીતલમાં, વડવાનલ તેના તળમાં
આગ ને પાણી બન્યા સંગી
આજે અંગી મનાતા હાલે ભુજંગી થાતા;
કોણ ભુજંગી કોણ અંગી
જાણું જે દીપક ઠારે, આગને એજ વધારે,
પ્રભુની પ્રભૂતા એ દોરંગી.

૭૭

ફૂલણજી ફૂલોમાં ઝાઝા ફૂલ્યું ફૂલ ફૂલી કરમાશે.
ફૂલી કરમાશે ખીલેલું આખર ખરી જાશે,
સરખા દિવસ ન ગયા કોઈના તેમ નહિ જાશે;
રેંટ તણી ઘટમાળ ભરાશે ભરાઇ ઠલવાશે.—
ઉજળું એ સહુ દુધ આજ અભિમાને દેખાશે;
જયારે પડશે કાળ ઝપાટો ત્યારે સમજશે.—

૭૮

શરમ, શરમ, શરમ, શરમ, બોળવા બેઠો નામ.
કરે છે ગુલામ ઇજ્જત લિલામ ખાનદાનનું જરા નવ માન
થાય આજ થાય છે બુઢ્ઢાની આબરૂ લિલામ
જાય આજ જાય છે સસ્તામાં ખાનદાન ભાન;

છે ખરીદનારનો ચઢાવો તે પુટી બદામ,
એક–બે–ત્રણવાર, સોદો તમામ
વન–ટુ–થ્રી ટેમ સોદો તમામ
ક્યાં ધનવાન તણું ખાનદાન, ક્યાં એ ગરીબ નોકર ગુલામ
નાક કપાવ્યું સહુ ઓળખીતામાં થુથુ કહી સહુ થુકશે ગામ

૭૯

માલી વિનાની ખાલી જોબન તણી પુલવાડી
હાએ સુકાઇ ચાલી; પણ નાવે જીવન માલી
ગાલ ગુલાબ તણી ગઇ લાલી.
નરગીસ આંખ નમી મદવાળી
લ્યો સંભાળી
જીવન માલી
પાણી વિનાની ડાલી તાપે તપી હરિયાળી

૮૦

હાંરે બની નારી નખરાળી.
અંગે ચોળી સાડી ધરી મોહનજી વ્હેલા પધારજો
જોજો નારી મુછાળીનાં વિસારજો
હેતે હૈયાપર હાર કરી ધારજો
રહી પડદે પ્રીતિના રસો ચાખશું
ધૂસં મીઠું શત્રુની આંખે નાંખશું.
બનો નારી સુજાણ

લેશું પ્રીતિની લ્હાણ

જોજો ભૂલી પ્રીતડીથી ફૂલી નવ જરી વિસારજો,

૯૧

આવો કોઇ વૈદરાજ ઓસડ અજમાવો,
આ લાગી લગન વિસરાવો.
પ્યાલો જે પ્રીતિનો ઝેરી પીવાણો તે,
પાછો કઢાવો યા પચાવો,
કહે છે કોઇ કંઇ કાન કંઇ સાંભળે છે.
કંઇ કહેવા જતાં આ જીભથી કંઇ નીકળે છે.
જવાનું કયાંય ને આ પાય કયાં આડા વળે છે.
થતું નથી કંઇ બીજું પણ ચિતડું ભડભડ બળે છે.
એ છોડાવો લગન, આ મિટાવો અગન, શાંતિ લાવો,

૯૨

હર ફેશનમાં, પોઝીશનમાં, ઓયસ આઇ એમ
બ્યુટી પુલ મેડમ
જે દેખતા ને સહુ કહેતા, ગુડ ડે બાનુ વેલકમ;
મૂછાળી મેડમ ને હરદમ ખુશાલી અહાહા હાહાંહા
આઇ ગ્લાસ આંખ ઉપર ને માથે વિંગ કાળી
અલબેલી લેડી ફેશનની શાખમાં કમાલી,
છે લેડી બૂટ પગમાં ને વોચ ખાસે ઘાલી,

મોંપર લગાવ્યો પાઉડર ગાલે લગાવી લાલી.
(જે દેખતા તે કહેતા જુઓ! કાળી મડમ ચાલી)
હું અલબેલી નાર નવેલી, સુધરેલી કહેવાઉં.
બલિહારી જાઉં.—

૮૩

બચ્ચા કચરા, કંઈ ગાળવ આ, જુવાન બુઢ્ઢા ચશકેલ દીસે:
આ ઘનચક્કર, મોહિની દીપપર, જો શીશુ બની પીગળેલ દીસે.
કાંઈ દાળમાં છે કાળું એ નક્કી થયું.
શું ખરો છે ભેદ એ તો જાણવું રહ્યું;
પાસ ને નાપાસનું દરદ નવું થયું,
શરમ શરમ બુઢ્ઢાનું હવામાં ઉડી ગયું.

૮૪

આશક ખરબુચા જેવા, માશુકનો પૂર દમામ
ચાહે રાંડે કે માંડે, શું અમને તેથી કામ
જાણે ઘરડી ઘોડીને પહેરાવી લાલ લગામ,
જોડી જુગટી છે એવી, કે જોવા મળશે ગામ.
વર લોભ ધરે કન્યાનો જમવાને માગે જાન
ઘોડાને બદલે ખાંધો ગીતડાંને બદલે કાંણ
અહીં માંડવડો મંડાયો, ત્યાં કાઢ ગયાં શમશાન
ચોરીને બદલે ચોકો, ને 'રામ બોલો ભાઇ રામ'

નીલમ-માણેક.

૮૫

ઉપકાર અનુપમ શુભો સુંદરી, દે બદલો કીરતાર
સત્કાર વિસરીએ કેમ અતિથાનો જે છે અધિકાર.
વસ્તુ કરતાં વ્હાલ કીમતી છે ?
કાંડી તે કીમતી શું રતી છે.
કાંડીના બળપર ચુડિનો છે સઘળો આધાર,-
કાંડી શું દીવાદાંડી છે ?
ગૃહ જીવનની સૂખ હાંડી છે,
“ થેંકયુ-વેરીમચ ”
“ ગુડબાય-ઉપકાર ”

૮૬

મહાભારત.

જોને વસંત આહ ! ! પુનેમનો ચંદ્ર વાહ ! !
આણી અનંત ચાહ ! !.......વીરહી બન્યો—ટેક૦
હસી હસીને ઇલા સુંદરી બોલાવે,
વામા વ્યાકુળ થઇ ચિતડું ડોલાવે;
વસ્ત્રો સજ્યાં છે લીલાં ભેટવાને ભાવે,
ઝાકળ ઝગ મોતીડે પિયુને વધાવે;
પિયુ આરોપે ચંદનીના ચીર.......જોઇને૦
વસુંધરા વશ ચંદ્રની, ખચીત પાડવા ખાજ;

મલકાવે મુખ મલપતું, વાદળમાંથી વીજ.

શશી શરમાય છે, આભમાં ભરાય છે;

લલના લપાય લાજ આવતી

અંધકાર ઓઢણું ઓઢીને મુખપર,

શ્યાણી થઇ ઘુંઘટડો તાણતી.

તારા આ તાલ જોઇ ભાગે છે કોઇ કોઇ–જોઇને૦

૮૭

બોલો બોલો મારાં શરમાળ સાહેલી ઘુંઘટડો નહીં તાણો.
ચોળી બંધ તે શાણે ખેંચાણો? ચિત સાંભળીઓ કોઈ
શાણો–બોલો બોલો૦

સાહેબાના સુખ સરજ્યાં હૃદયમાં જાણ્યું તમે સખી જાણો
બોલો બોલો૦

સાહેબો શોને શ્યાણો શો? શીલવતી આ સાહેલી?

કહોને ત્યારે કામણગારી, કાંતિ આ ક્યમ કેલી?

કાંતિમાં શું નવિન દીઠું? સખી–યૌવનના અંકુરો

અંકુરોમાં તે શું જોયું? સખી–શ્યામ સુખા ડુંગરો

કહી દોને ડુંગરો કેવા, શા માટે છે આળા,

કહેશે કોઇ અલબેલો આવી બાથે ઘાલી બાળા
બોલો બોલો૦

૮૮

મારાં મોહિની.

ઓ જોબન વનના માળી,
હે ચુંબન રસ રઢીયાળી
હું મોહી મુખડું ભાળી,
(હે અલિંગન પણ કામિની,)
તું છુપાવ છુરી કાળી,
ઓ ગંધાતી વરીયાળી,
આ ક્યાંથી આવ્યો ચાલી,

બુઢો શયતાન મવાલી,
જાગો જાગો, દોડો દોડો, મારો મારો આડી આને

ટાલકી રંગાય એની ખાલકી ખેંચાય જાય
અરરરરરરરર મુવો,
જઈ પુર મુવાલી કુવો,
બસ માફ કરોને, બાપુ,

ગરદન બંનેની કાપું,
આજ્ઞા નહિ હવે ઉઠાપું,
કંઈ નવી થાય હું આપું, બસ માફ કરોને૦

૮૯

મહાન કવિ જયદેવ.

જોબન પરિમલ ભીની ચાલ બ્હેલી જરા ચાલ;
મંદ હાસ્યે મ્હેકે, અલી ! ફુલડાનાં ફાલ
સામે આંબલીઆની ડાળ,
પેલી સરોવરીઆ પાળ,
વદન કમળ કોઇ ત્હારૂં જોશે જો બાળ,
બુલ બુલ જો કદિ જોશે સાહેલી તારા ગાલ
હંસો જો કદિ જોસે તુજ દંત મોતી માળ
ગુલાબ કુંજ છોડી, સુકાની પ્રીત તોડી,
ચોમેર ત્હારી ભમશે આલી પંખીડાની ડાળ,
(સખી) શું અલબેલી કોઈ જન્મી જનથી ?)
અલબેલી ભલે જગમાં જન્મી હો હજાર,
પણ ન્યારી સહુથી ન્યારી સાહેલી તારી ચાલ.
યૌવન મદે ભરેલી.
સખી ! આ શું માંડી કેલી ?
શી લાગી તાલાવેલી.
શું છેક શરમ મેલી ?
સંભાળ કેશ ભારે ગ્રીવ લચકસે જો બાળ,
લટક મટક જોઇ ભોગી બનશે બે હાલ—જોબન૦

૯૦

બાઇ ! મ્હારી પુલવાડી શ્યામે લુટી,
પુલ મ્હારાં મોઘેરાં લીધાં ચુંટી—બાઇ૦
છાનો આવીને છુપાયે,
લાગ જોઇ લુંટી જાયે,
હવે શું કરૂં ઉપાય મારી ધીરજ ખુટી—બાઈ૦
પુછું ત્યારે પાય લાગે,
કાલો થઈ માફ માગે. (૨)
કરૂં વશ કેમ એને કોઇ તો બતાવો બુટ્ટી—બાઇ૦

૯૧

લલિત લવંગ લતા મલયાનિલ થનગન નર્તી નચાવે,
ગાન નવલ કોયલ લલકારે, મધુકર બીન બજાવે;
નટવર મદભર ભર રૂતુ રાજે,
ખેલે રતિ રેલી રૂતુ ઘેલી અલબેલી સંગ આજે.–ધ્રુવ૦
મૃગ મદનો પટુ પરિમલ; પાંગરી તરૂણ તમાલ વહાવે,
પુલી કળી કુમળી કુરવકની ફાગ પરાગ ઉડાવે—
માધવી શું લઇ સાંઇ રસાળે મુકુલ પૂલક દરસાવે,
જગ નિર્લજ્જ ભાળી બાખેરાં કરૂણ હશે સહી હાવે
ખેલે૦
મધુર ધન લર્ણન મધુરૂતુનું જયદેવે રચ્યું આજે,
શ્રોતાની મતિ તે સ્થિર થાપો શ્રીપતીનાં
ચરણાં બુજે—નટવર;

દગાબાજ દુનિયા.

૯૨

વનિતા જન્મનું સન્માન.

પતિ સ્નેહ સુધારસ પાન.—વનિતા.

નરપતિ પતિ છે સકલ રાજ્યના; પ્રમદા માત્ર પ્રધાન.

આજ્ઞા વશ નૃપનાં થઇ રહેવું, પ્રધાનનું એ ધ્યાન.—વનિતા.

વનિતા મૃદુતાની પ્રતિમા છે; પુરૂષ કઠિન પાષાણ;

પુરૂષરૂપ આ જડ શરીરમાં, ચપળા ચેતન પ્રાણ.

વનિતા સ્વર્ગની છે વ્હાણ.

છો અજવાળી હોય રાત પણ થાય ન દિવશ ભાન;

ભોગ્ય વસ્તુ છે કુસુમ કામિની ભોગી ભ્રમર નરમાન-વનિતા.

મહાશ્વેતા કાદમ્બરી.

૯૩

ઓ સાહેલીરે, (૨) સમજી કરીએ પ્રીત;

નથી સાહેલીરે, (૨) અટપટી પ્રીતની રીત;

બોલો અનેક સુણી બીજાના,

સામાનું દીલ જોયા વિના,

નવ આપણું દીલ ખોલીએ;

અંતર સામાનું ભાળી;

ભરીએ ડગલું સંભાળી,
એક હાથે પડે કેમ તાળીરે....(૩) સમજી.

૯૪

મંજરીએ મનડું મોહ્યું રે,
મન ગમતા મહારાજ મારા મન ગમતા મહારાજ;
એ શું દીલડું અમ પ્રોયુંરે.......મનગમતા.
"શું આ પુષ્પ તમને બહુ ગમે છે?
"મનને તો ગમતું ઘણું મુખથી કેમ મંગાય,
વીણુ પ્રીછયે વીણુ પારખ્યે ઘટે માન મુનિરાય"
માગ્યે માન ઘટે નહિ જેવું જ્યાં દાતાર
સુખે સ્વીકારો પુષ્પ આ ધરો કર્ણ મોઝાર.
અતિ ઉદાર દીલ તમ જોયુંરે....મનગમતા.

૯૫

અમે જઇશું, અમે જઈશું, હવે હમે જઇશું રાજ
રસભીના તમે આવજો....અમે.
આવી મંજરીઓ નીત્ય લાવજો
પ્રેમે પરિમલ પ્રસરાવજો....અમે.
મુનિવર અમશું પ્રસંગ પાડી દર્શન દેજો દાડી દાડી.
અમ સરખું કંઈ કાજ જરૂર તમે કહાવજો તમે આવજો. અમે.

૯૬

થઈ પ્રેમ વશ પાતળીયા (૨)
મારા મનના માલીક મળીયારે....થઇ.
પ્રીતે કરો મુખવાસ સજનવા રાજ હ્રદયના વાસી
પ્રેમદા પ્રીત જ્યોત પ્રકાશી (૨)
મારા મનના મનોરથ ફળીઆરે....થઇ.
ભાગ્યવંત કર્યો ભગવતિ મુજને
જીવન સફળ થયું મારૂં
કરો શ્રી હરિ શુભ તમારૂં
મારા મનના માલીક મળીયારે....થઇ.

૯૭

પતી વીના પ્રેમદાના મનના પુરાય કયાંથી કોડ,
કહે સખી પુરાય કયાંથી કોડ
સરજનહારે સરજી જગમાં નરનારીની જોડ (૨)
પશુ પક્ષી વન વૃક્ષ નીહાળો
સૃષ્ટી માંહી સઘળે જઈ ભાળો
નાના મોટા જીવ જંતુમાં પણ એવી નથી ખોડ
સખી પણ એવી નથી ખોડ—સરજનહારે.
પતિ ભજ્યે સહુ પાતક ટળતાં
અખંડ સુગાડાં સ્હેજે મળતાં
પતી વિના સાહેલી ભવમાં હરાય જીતી હોડ-સરજનહારે.

૯૮

અમે ગોલાના ગોર ભાઇ ગોલાના ગોર
તોએ પોશો ભરાવી પડાવીએ મહોર
પોશો ભરાવી પડાવીએ મહોર
ભાઈ પાણી મુકી પડાવીએ મહોર—અમે.
દીકરાનું દીધું દાદાને પહોંચાડીએ
એવા શ્લોક અમે નવા નવા કાઢીએ
લોક છો તમે વેદીયા ઢોર (૨)—અમે.

૯૯

રામ ભજન રોકડ નાણું રે વેપારી સંતો
રામ ભજન રોકડ નાણું.
લક્ષ ચોરાશી ફેરાં ફેરામાં ફરીઓ તોએ
નહીં તારૂં ઠામ કે ઠેકાણું....વેપારી સંતો
બીજાની વાતો માંડી ડાહ્યો તું થાતો પણ
તારૂં પોતાનું તે ન જાણું રે....વેપારી સંતો રામ.
કાળની દાઢ: વચ્ચે વિશ્વ ચવાતું રે
સૌ કો છે કાળનું ચવાણું રે....વેપારી સંતો રામ.

૧૦૦

માલીકના બાળક સૌ માલીક સૌના શ્રી જગનાથ (૨)
કર્તા હર્તા સૃષ્ટિના સૌ બાજી એને હાથ—છે સહુ
રૂણાનું બંધે આવી મળતું બાળ્યું નવ કોઈનાથી ખળતું

જગત માત્ર તેને આધીન છે અનાથનાજે નાથ-હે૦ બાળ
નહિ પીંડ આ પોતા તણો પોતાનું કાંઇ નવ જાણવું,
સાએ શુભા શુભ કર્મને પોતા તણુંજ પ્રમાણવું,-જગત.

૧૦૧

રૂપે શું મન રાચોરે કાયાનો રંગ કાચોરે ભગવાન ભજો, (૨)
હાડમાંસને રૂધીર ભરેલુ મઢ્યું ચામડે અંગ, (૨)
ગંદા દેહનો ગર્વ નકામો કાયાનો રંગ પતંગ,
ભરૂંસો નહીં સાચોરે કાયાનો રંગ કાચોરે ભગવાન—

૧૦૨

સખી જઇ સંદેશો કહેજે,
મમ સખીને ધીરજ દેજેરે,
અસ્ત થતાં દિન[illegible] [illegible] [illegible] મનમાં થાય,
અલ્પ પરિચયે ચકવાકી પણ પતિ સુખને નવ રહાય,
તજવું સખીએ દરાંન પરનરનું,
હું કયમ નામ લઉં નરવરનું—જઈ.
સમજ્યા વિણુ સુખની આશામાં પામર જીવ તણાય,
વિષમ ભોગ આ લોક તણા સૌ અંતે નિરસ જણાય,
હસી પ્રથમ પરિમાણે રોવું,
એ વિષયે કયમ ચિત્ત પરોવું-જઈ.

૧૦૩

આત્યુત્તમ પદ મિત્ર તણું આ સંસારે સમજાય,
આ અવનીમાં અન્ય ઘણા જે સુખના સાથી થાય,
મતા પીતા થકી વળી ગુપ્ત પ્રિયજન સ્વજનથી,
છે ગુપ્તમાં પણ ગુપ તે પણ ગુપ્ત મિત્ર યકી નથી,
મિત્ર રત્નથી આ ભવરણુની સફર થઇ જાય–અત્યુ.
સમૃદ્ધિ ચૌદ ભુવન તણી પુરૂષાથ મળવી સ્હેલ છે,
સદભાગ્ય વિણુ સન્મિત્રની પ્રાપ્તિ મહા મુશ્કેલ છે,
શબ્દ લઘુ પણુ અર્થ અધિક બે અક્ષર માંહી સમાય–અત્યુ.

૧૦૪

અલી જોજે મનાતી ભોળી મેના,
ભોળવશે તુજને પોપટજી મુખે મીઠું બોલી,
અલી જોજે દેતી તું અંતર ખોલી.......ભોળવશે.
પ્રેમ પોપટ દાઝ દીલની દીલ માંહી સમાવશે,
રૂતુ વસંતે માનનીને મદનરાજ મનાવશે,
રસ રાજની રસ રેલ જ્યાં રગ રગ મહી વ્યાપી જશે,
જખ મારી મેના માનશે પણ ખોઇ પાયે લાગશે–અત્યુ.

૧૦૫

ક્યાંઇ સ્વાર્થ વિના નવ પ્રીતિ દીઠી આ જગમાં,
ધુતારા જગમાં ઠગારા જગમાં,
લાગે સ્વાર્થ સુમી પ્રીતિ મીઠી મીઠી આ જગમાં,

દીઠુ સહુ નીજ સ્વાર્થને રોતું;
રોતાનાં આંસુંડાં કોઇ ન લ્હોતું-સ્થાર્વ વિના.
કહેણી મીસરી ખાંડ છે કહેણી તાતા લોક,
કહેણી તેવી રહેણી છે એવા વિરલા કોક,
ઔષધ માટે ફરે, શેરી શેરી,
દર્દ મટયું કે લાગે વૈદ્ય વેરી-સ્વાર્થ વિના.

૧૦૬

રામ ભજ તું પ્રાણીયા,
તારા ભવની ભાવટ ભાગશે (૨)
"બોલો રામ સીતારામ"
પંખીડા તું જો વિચારી,
કર્મ તારા લે સંભારી,
વાસના નઠારી તુને રૌવ રૌવ નર્કે નાંખશે-રામ.
મૂઢ તેં મતિ વિસારી,
મતિ તેવી ગતિ તારી,
ઉઠજે સંભારી કંચનની કાયા થશે-રામ.

૧૦૭

જાગો જાગો જીવન પ્રાણ,
નિદ્રા ત્યાગો ચતુર સુજાણ—
ભરદરિયામાં ડુબકાં ખાતું,
આવી પહોંચ્યું તીરે વહાણુ,

દુખનાં વાદળ વિખરાયા વહાલા,
ભાગ્યનાં ઉગ્યા ભાનુ,

સિદ્ધાર્થ બુદ્ધ.

૧૦૮

ચંદ્રા ! વરસાવ અમીરસ ધારા,
કરે વિનંતી આદીન દારા,
વૃષ્ટિ શિત વરસાત્રને સુગંધીથી ભરપૂર,
પ્રિતમ હૃદય ભીજાવીને તું દે શાંન્તિ મમ પ્યારા.
મોહન નેને નિંદની, ઢાળ મધુરી છાંય,
સ્નેહ વિમાને ઝુલાવી, સુખભર સ્વપ્ન માંય.

૧૦૯

હાંરે મ્હેને ઘેલી કરી મારા વ્હાલમે,
નેહથી દેહે ભૂલી મારૂ ભાનરે, મને૦
મનાવી પટાવી દબાવી મને શરમે,
હસાવી રડાવી હો રાજેરે મને.
પ્રેમ સરવર પર પોયણી હું છું,
પ્રીતમ છો રસરાજ (૨)
સ્નેહામૃતની છું પિપાસી,
મમ સુધાકર આસ (૨)
ચંદ્રકલા છે શોભતી, કુમુદ જો ઝીલતુ હોય,
રસ નિધિ શા કામનો, રસ પીનાર ન કોઇ ?

મનાવી પટાવી દબવી મને શરમે,
હરાવી હરાવી હો રાજરે   મને૦

સિદ્ધ સત્યેંદ્ર.

૧૧૦

ન સમજુ સ્વામી શી રીતે ચરણ સેવા બજાવું હું,
ન એવી કોઇ વસ્તુ જે પ્રભુ તમને રીઝાવું હું,
તમે છો પૂર્ણ વ્યાપક બ્રહ્મ અનંતાનંત બ્રહ્માંડે,
કયું સ્થળ ખાલી છે તમથી કે જ્યાં સ્વામી બોલાવું હું,
સદા નિર્મળ નિરંજનને વળી નિર્વાસ ને નિર્લેપ,
પછી જળ સ્નાન ચંદન ધુપ ક્યાં પુષ્પો ચઢાવું હું,
જગત સૌંદર્યના અને શૃંગાર સૃષ્ટિના,
કયા શૃંગાર વસ્ત્રો એ [illegible] હું,
સ્વયંભુ તાતના તેજે તપે રવિ ચંદ્રને તારા,
મહાજ્યોતિ દિપકના અગર જ્યોતિ હું બતાવું શું,
સુમન ભાવે સુમન પૂજા [illegible] તન કરૂં અર્પણ,
હો અંતરયામિ અંતરના પદો તમને જણાવું શું.

૧૧૧

રજ રસિયા રમણી ચિત્ત ચોરી ગયા
                    ચિત્ત ચોરી ગયા (૨)

શરીર દંડવત્ જડ [illegible] રહ્યાં
હૃદય ધ્વજા પટ દોરી ગયા   રાજ૦

ત્રોટક.

સખી આમ નિરાશ ના છેક તું થા
રતી નાથ તણી સુંદરી થવા
તુજ શરમ ધરમ [illegible] તજ ના
રજ ધિરજ ભૂષણ [illegible] શાજના

× × × ×

આશીશ અરપી અંતર પ્રેમે
અંતર [illegible]ટ નવ ખોલી ગયા

૧૬૨

કરી ચડાઇ ચાહ દેવીએ આવી હિન્દુસ્થાન વિષે,
રકાબી પ્યાલાનો રથ બનાવી ફતેહ મેળવી દશે દીશે
શહેર કસ્બે ગામ ગામડે ચોક ચૌટે ગેટો કરી,
હિન્દુસ્થાનને ખુબ હંફાવ્યો કદી નામ લે નહિ ફરી.
અધરામૃતનું પાન કરાવી નપુંશક નીમોલ્ય કરે,
ભલભલાને ભકત બનાવ્યા મહેતાજી પહેલે નંબરે.

૧૧૩

હુઇ હે ઈસ દીલોજાંશે, મુઝે ઉલ્ફત મહંમદકી
કે તડપાતી હે દીલ મેરા મુઝે ફુરકત મહંમદકી
મદીનેસે જો આતી હે તો [illegible]તના પુછ લેતા હું
સબા જલ્દી બતા કેસી તબીયત હે મહંમદકી
ન હમ જન્નતમેં જાયેંગે નહિ દોઝકમેં જાયેંગે

ખડે દેખા કરેંગે હશ્રમેં સુરત મહુંમદકી
તો હોગા હુકમ જાનેદો એ હય ઉમત મહુમદકી
મીટાયા કુફ્ર દુનીયાસે બજાયા દીનકા ડંકા
દીખાયા નુરકા જલ્વા વો હય તાકાત મહુંમદકી

૧૧૪

આ યુવાના રંગમાં રસીયા રમ્યા ના રંગમાં
રમણીય રામા સંગમાં તો વ્યર્થ ખોઇ જીંદગી
રમ્ય મંદીરને વિષે રતિ સુંદરીથી રાત્રી એ,
કેલી કથા જો ના કરી તો વ્યર્થ ખોઇ જીંદગી,
વાડી લતાની કુંજમાં વળી ભ્રંગ કરતાં ગુંજ જ્યાં,
બેસી ક્રીડા ત્યાં ના કરી તો વ્યર્થ ખોઇ જીંદગી.
નીશી ચંદ્રના ઉજાસમાં પ્રીય ચંદ્ર વદનના પાસમાં,
નીરખી નહિ નયનો ભરી તો વ્યર્થ ખોઇ જીંદગી.

૧૧૫

મારગ મુકોને મોહનજી છોડો છેડલો,
પરવશ કરતાં નરથી શું કરવો નેડલો. (૨)
દીલદાર તારી પ્રીતી
શુદ્ધ પ્રીતીની એ રીતી
જોઇ લલિત છબીલી નાર હૈયાનો હાર,
સ્નેહ અમૃત જળ સીંચી લે તારી આ
બેડલી—મારગ.

બલિરાજા (ચરિત્ર કુમાર)

૧૧૬

કાયર તે નરને સમજો જે કરમે હસ્ત મૂકી ફરતા,
નસીબ માની બેશી રહેનારા, દીઠા રડવડતા—કાયર.
નિધી અંદર ઉતરતા તે. મોતી પામી નિકળતા,
તીરે રહી જોનાર તમાસો, નહિ કોડી મેળવતા—કાયર.
નાનું બાળક ભણતા પંડિત, પણ ઘસે છે દોરી;
ભાગ્ય કસોટી ઉદ્યમ કરીને, તજી નિરાશા ઝોળી-કાયર.

૧૧૭

કુમને કુમને પગલે રંગ ભુવનમાં;
રસિક કુંવર તમે ચાલો.
ગજ ગામની પદમણી રતિ રમણી;
પ્રિયા અનંગ રંગમાં મ્હાલો.
મણિ મુકતાનો હાર રસીલો,
તમ કંઠે સોહરાવું;
અંગ ઉમંગ જોબન બાજઠ પર,
પાતળિયા પધારવું—કુમ કુમને.
ગૌર ગુલાબી ગાલપર સુંદર બિંદુ શ્યામ;
માનો ચંદ્ર બીછાવીને, બેઠા શાલિગ્રામ.

બાળા જોબન મંદિરે, મદન રાજનો મહેલ;
અણમૂલ મોતી માનુની, સમજો શાળા છેલ—કુમકુમને.

૧૧૮

વશ કીધો તેં વીર મારો. જે ગુણિયલ બહુ સારો,
નથી વાંક જરા કંઇ મારો, નણદલ તમ વીર ઠગારો,
રંગ ભુવનમાં હતી એકલી, આવી અડપલું કરી ગયા.
ચુંબન કરી ભરી અંક મીલાવી, મે હુન મ ડુ હરી ગયા—નથી.
વસંત જોબન ફુલવાડીમાં, ભૂલો બની ગયો ભ્રમરો.
લાલચ આપી તેં લલચાવ્યો, બંધુ ડાહ્યો ડમરો—વશ.
શરમાળે મને શાન કરીને, કંચુકીથી કસ છોડી,
હૃદય ધરાપર થનથન નાચ્યા, લાજ શરમ સૌ તોડી—નથી.
વદન ચંદ્ર છબી રતિ લજાવે, ભ્રગુટી કામણગારી,
બંધુ મારો સરળ હૃદયનો, કળા અજબ છે તારી—વશ.

૧૧૯

હું ચાલું લટકતી ચાલે, છેલા ફુલ છડીઓ
ખાવું ખીસ્સામાં ઘાલે. પૈસા વાપરવા આલે,
રંગીલી ખીલતી જુવાની........
(સ્વગત) નક્કી નવી નાશી જવાની;
ગોરી મદન સદનમાં મ્હાલે,
(સ્વગત) મન મોહ્યું ગુલાબી ગાલે—હું ચાલું.

૧૨૦

ગોળ ખાઓ લ્યો ત્ર્યંબક તડાકીયા,
લાવો લાવો ફરશુરામ ફડાકીયા;
બંને જુઠ્ઠાને લુચ્ચા હડાકીયા—ગોળ ખાયો૦
કન્યામાં કંઇએ કેણ નથા, તમે હૈયામાં હિંમત ધરજો,
વર છે રૂપાળો વિદ્વાન વરણાગીયો;
કામ દેવ કેરો અવતારજો—ગોળ ખાઓ૦
જોશીને વૈદ મલ્યા વેવાઇ હોંસીલા,
ઘડીઆં લગન નિરધાવજો;
વહેલા પધારજો મલજો મંડપમાં,
આનંદ આવશે અપારજો—ગોળ ખાઓ.

૧૨૧

આનંદ મંગળ ગાઓ, પરણાવી લેશું લ્હાવો;
મારી વેવાણ રસીલી જોડી શોભશે;
નિરખી કન્યા કહેશો, મુખ જોઈ તાકી રહેશો—મારી.
વાહ ઠીક મળ્યું છે ટાણું એક લુલું બીજું કાણું,
મળી વેવાઇને વેવાણું, ફેરા ફેરાવોને ઝટ—આનંદ.
ફડાકિયા તમે જોશો, હોળીને દહાડે રોશો;
કેવી જાન જોતા હું આવું, દુનિયામાં ડંકો વાગશે—આનંદ.
તડાકીયા કહુ તમને, અતિ ઉમેદ મનમાં અમને;
વાજાં વગડાવું જોજો, ફરશુરામનો ફડાકો—આનંદ.

(શ્રવણકુમાર)

૧૨૨

અમૃતથી પણ અતિ મીઠી લાગે, માત પીતાની સેવા,
જનની જનકનાં પદ પૂજત તે, મધુરા મધુરા મેવા–અમૃતથી.
સ્નાન ધ્યાન સંધ્યા તર્પણ કરી, અગ્નિ હોત્ર સુધારે,
પ્રેમે ન પૂજે માત પિતા પદ, વૃથા વખત તે ગાળે–અમૃતથી.
માતા દેવી પાર્વતી, પિતા શિવ મહાદેવ;
સપુત પુત્ર આ સંસારમાં, કરે પિતૃ પદ સેવા–અમૃતથી.


૧૨૩

બલિરાજ

લાડકડી તારા લાડ કોડ સૌ પુરા કરશે કંથ,
સખી તું શીખજે પ્રેમનો પંથ ગ્રંથ (૨)-લાડકડી.
પ્રિયતમ જ્યારે મંદિર પધારે, સામી લેવા જાજે,
સ્નેહ પુષ્પથી શ્યામ વધાવી, પતિ ગુણ ગીતા ગાજે;
ચરણ પખાળી પ્રાણનાથનાં, વિંઝણા લેવાયુ વાજેરે–લાડકડી.
હું છું નાની નાર નવેલી, અંગે શરમ બહુ આવે,
છબીલા કદી છણકાઇ જાયને, [illegible] નહિ બોલાવે,
ચાલાકી બતલાવો એવી કે, [illegible] [illegible] રીઝાવે–લાડકડી.
ખાનપાન ભોજનની સેવા, નિજ કરમાં તું રહાજે,
સ્નેહ મંદીરે શ્યામ બોલાવી અંતર ઉભરા ગાજે,
નયન કટાક્ષે લાલ લોભાવી, અધરામૃત પીજે પાજેરે–લાડકડી.

૧૨૪

મારી સજની,તું કયાં રમી આવી રજની,સાચું બોલ બોલ બોલ?
શાણી સૈયર તું શીદને આળ ચડાવે, કેડો છોડ છોડ છોડ.
હમણાં માળા ગુંથી હતાને, હમણાં કેમ કરમાણી!
પરસેવો તને કયાં વળ્યો, તારી ભમ્મર કાં ભીંજાણી-સાચું.
કાળો ભમરો શીરપર બેઠો. ઉડાડતાં ગભરાણી,
લાપોટે લટ છુટી ગઇ. મારી ભમર ત્યાં ભીંજાણી-કેડો.
કસ્તુરી તારે અંગે મહેકે, કુસુમ કળીના હારો,
નયન રહ્યાં છે નાચી નવેલી, મળ્યો કોણ ઠગારો-સાચું.
ચંદ્ર સરોવર નહાવા ગઈતી વાટે મળ્યો એક માળી.
છાબ ભરીને ગજરા આપ્યા, હું તો તમથી હારી-કેડો.



સુધારો.

ત્રીભોવનદાસ જેકીશનદાસને બદલે,
જેકીશનદાસ ત્રીભોવનદાસ,
સમજવું.

છપાય છે! છપાય છે!! છપાય છે!!!

થોડા વખતમાં બહાર પડશે.

☛ જે. જે. એન્ડ કોં.

અત્યાર સુધીમાં કોઇ પણ આવું પુસ્તક બહાર પડ્યું નથી. જેની રમીકતાનું વર્ણન અત્યારે કરવું એ અસ્થાને છે અગાઉથી ગ્રાહક થઇ નામ નોંધાવનારને પાટેજ શી કીમત.

માત્ર ૦—૧૨—૦

પ્રકાશક—જે૦ જે૦ એન્ડ કું૦

બુકસેલર્સ [illegible] પબ્લીશર્સ.

ઠે૦ [illegible]

સુરત.